# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૦૪-A તા.૦૬-૦૧-૨૦૨૩**

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- શાળા બહારના બાળકોના વર્ષ ૨૦૨૩-૨૪ના સર્વેની કામગીરી બાબત.

સંદર્ભ :- નં.એસએસએ/એઆરએન્ડવીઇ/૨૦૨૨/૬૯૨૫-૭૨૦ તા.૧૬-૧૨-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે જુદા જુદા કારણોથી શાળા બહાર રહેલા ૬ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો અને જેઓ પોતાનું ધો.૧ થી ૧૨નું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી તેવા શાળા બહારના બાળકો અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા બાળકો સહિતના તમામ બાળકોનો સર્વે કરી તેમની ઓળખ, નામાંકન અને મુખ્ય પ્રવાહમાં જોડવા અને શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવામાં આવે છે.

શાળા બહારનું એકપણ બાળક શિક્ષણથી વંચિત ન રહે તે માટે આ બાળકોને મુખ્યધારામાં લાવવા ભારત સરકાર અને અત્રેની કચેરી દ્વારા વખતોવખત તમામ સૂચનાઓ આપવામાં આવેલ છે. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ડિસેમ્બર અને જાન્યુઆરી માસ દરમિયાન શાળા બહારના તમામ બાળકોનો વિગતવાર સર્વે કરવાનો થાય છે. જે માટે આ સાથે સામેલ સંદર્ભિત પત્ર મુજબની કાર્યપધ્ધતિ અપનાવશો. શાળા બહારના બાળકોના સર્વેનું સુપરવિઝન અને મોનીટરીંગ યુ.આર.સી.કો.ઓ. દ્વારા સુનિશ્ચિત કરવાનું રહેશે. આ બાબતે કોઇ પણ પ્રકારની બેદરકારી ન રહે અને સમયમર્યાદામાં આયોજનપૂર્વક પૂર્ણ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ : સંદર્ભિત પત્ર

તા.૦૬-૦૧-૨૦૨૩

ડૉ. એલ. ડી. દેસાઈ
શાસનાધિકારી

ક્ર. ૬૪ ૬૪૬૪૬૪
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ.
ઉસ્માનપુરા શાળા નં. ૨, ઉસ્માનપુરા ચાર રસ્તા,
ઉસ્માનપુરા, અમદાવાદ.
ટોલ ફ્રી નંબર– ૧૮૦૦–૨૩૩–૧૦૪૨
email :- adpcamc@gmail.com

શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

નં એસએસએ/એઆરએન્ડવીઈ/૨૦૨૨/ ૬૯૮૫-૭૨૦ તારીખ:૧૬ /૧૨/૨૦૨૨

પ્રતિ

યુ.આર.સી.કો.ઓર્ડીનેટર-તમામ,
સી.આર.સી.કો.ઓર્ડીનેટર-તમામ,
સમગ્ર શિક્ષા,
અમદાવાદ કોર્પોરેશન.

વિષય : શાળા બહારના(Out of School children)બાળકોના વર્ષ ૨૦૨૩-૨૪ના સર્વેની કામગીરી બાબત.
સંદર્ભ: ક્રમાંક:એસ.એસ/ એઆરએન્ડવીઈ/૨૦૨૨/૪૪૬૯૫-૮૩૧,તા.૧૬-૧૨-૨૦૨૨,ગાંધીનગર.

સમગ્ર શિક્ષા અંતર્ગત દર વર્ષે જુદા જુદા કારણોથી શાળા બહાર રહેલા ૬ થી ૧૮ વર્ષની વયજૂથના બાળકો અને જેઓ પોતાનું ધોરણ ૧ થી ૧૨નું શિક્ષણ પૂર્ણ કરી શક્યા નથી તેવા શાળા બહારના બાળકો (Out of School children)અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા(Children with Special Need) બાળકો સહિતના તમામ બાળકોનો સર્વે કરી તેમની ઓળખ,નામાંકન,અને મુખ્ય પ્રવાહમાં જોડવા અને શૈક્ષણિક પુનર્વસન માટેની કામગીરી કરવામાં આવે છે.

પાછલા વર્ષોના ડાયસ ડેટા મુજબ પ્રારંભિકથી માધ્યમિક કક્ષાનો ટ્રાન્ઝીશનરેટ ઓછો છે અને ધોરણ ૬ થી ૮ અને માધ્યમિક તેમજ ઉચ્ચતર માધ્યમિક કક્ષાએ ડ્રોપઆઉટ રેટ વધારે છે. જે બાબતથી આપ સુવિદિત છો જ. આ બાળકોને મુખ્યધારામાં લાવવા માટે ભારત સરકાર અને અત્રેની કચેરી દ્વારા વખતોવખત તમામને સુચનાઓ આપવામાં આવેલ છે.

ઉક્ત પૂર્વ ભુમિકાને લક્ષમાં લઈ આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ડિસેમ્બર અને જાન્યુઆરી માસ દરમ્યાન શાળા બહારના તમામ બાળકોનો વિગતવાર સર્વે કરવાનો થાય છે. જે માટે નીચે મુજબની કાર્યપધ્ધતિ અપનાવશો.

1) તમામ શહેરી વિસ્તારોને આવરી લઈ ૬ થી૧૮ વર્ષની વયજુથનાં શાળા બહારનાં (Out of School children) અને વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા (CWSN) બાળકોનો સર્વે કરવાનો રહેશે..

2) આ માટે યુ.આર.સી કક્ષાએ શહેરી વિસ્તારોમાં આવતા માનવ વસ્તી ધરાવતા તમામ વિસ્તારોને શાળા/ક્લસ્ટર/યુ.આર.સી વાઇઝ મેપિંગ કરવાનું રહેશે. આ રીતે વિગત વાર મેપિંગ કરી વિસ્તાર વાઇઝ સર્વે ટીમનુ ગઠન કરી , સર્વે ટીમનો આદેશ કરવાનો રહેશે.

3) આ સર્વેની તમામ કામગીરી તા.૧૫/૧૨/૨૦૨૨ થી તા.૨૦/૦૧/૨૦૨૩સુધીમાં પૂર્ણ કરવાની રહેશે..

Scanned with CamScanner

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

પત્ર વ્યવહાર
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ.
ઉસ્માનપુરા શાળા નં. ૨, ઉસ્માનપુરા ચાર રસ્તા,
ઉસ્માનપુરા, અમદાવાદ.
ટોલ ફ્રી નંબર– ૧૮૦૦–૨૩૩–૧૦૪૨
email :- adpcamc@gmail.com

| વિગત | સમયગાળો |
|---|---|
| ઝોન કક્ષા | |
| ઝોન કક્ષાએ સી.આર.સી, એસ.એસ.એ સ્ટાફ,મુખ્ય શિક્ષક સાથે મિટીંગ અને સર્વે ફોર્મની વહેચણી. | ૨૨/૧૨/૨૦૨૨થી ૨૪/૧૨/૨૦૨૨ |
| પોકેટ એરિયા ઝુપડપટ્ટી વગેરે નક્કી કરવા સર્વેની એરિયા વાઇઝ કામની વહેચણી. | |
| સુપરવિઝન અને મોનીટરીંગ કામની વહેચણી. | |
| એસ.એમ.સી કક્ષા | |
| એસ.એમ.સી સભ્યો અને આગેવાનો સાથે મિટીંગ | ૨૬/૧૨/૨૦૨૨થી ૩૧/૧૨/૨૦૨૨ |
| બાળમિત્ર,આંગણવાડી કાર્યકર,આશાવર્કર નિવૃત્ત શિક્ષકો,ગામના શિક્ષિત બેરોજગાર યુવક-યુવતિઓની સર્વેની કામગીરી માટે પસંદગી | |
| ગામના નોટીસ બોર્ડ ઉપર જાહેરાત | |

4) આ સર્વે ટીમમાં શાળાના શિક્ષકો ઉપરાંત સમગ્ર શિક્ષાનાં તમામ સ્ટાફ જેવા કે.સીઆરસી, બીઆરપી,/યુઆરસી,સ્પે.એજયુકેટર્સ,આઇ.ઇ.ડી ,આઇ.ઇ.ડી.એસ.એસ,વોકેશનલટ્રેનર્સ, બાળમિત્રો, વગેરેનો સમાવેશ થાય તે રીતે કાર્યવાહી કરવાની રહેશે.

5) જેતે વિસ્તારની પ્રાથમિક શાળાને સર્વેની કામગીરી માટે મુખ્ય સેન્ટર ગણવાનું રહેશે. જેમાં મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીએ ટીમ લીડર તરીકે કામગીરી કરવાની રહેશે..

6) શાળા બહારના બાળકોનો સર્વે કરવા માટેના ફોર્મ શાળા કક્ષાએ મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીએ ચાઇલ્ડ ટ્રેકિંગ સિસ્ટમ (સી.ટી.એસ) માંથી ડાઉનલોડ કરીને તમામ સર્વેયરને પુરા પાડવાના રહેશે .

7) સર્વેયર પોતાને ફાળવવામાં આવેલ ગ્રામ્ય કે શહેરી વિસ્તારના તમામ વસાહતોનો સર્વે કરવાનો રહેશે અને તેઓને આપવામાં આવેલ પરિશિષ્ટ-૧ મુજબ સર્વે ફોર્મ ભરવાનું રહેશે તેમજ પરિશિષ્ટનં.-૨ મુજબનું તારિજ બનાવી ટીમ લીડર, મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીને રજૂ કરવાના રહેશે.

8) સર્વે ટીમના ટીમ લીડર,મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીએ તમામ સર્વેયર પાસેથી મળેલી માહિતીની ચકાસણી કરી તેના ઉપરથી પરિશિષ્ટનં.-૩ મુજબની તારિજ બનાવી,સર્વેમાં તમામ વિસ્તારો/વસાહતો સર્વેયર દ્વારા આવરી લેવામાં આવેલ છે,તે મુજબનું પ્રમાણપત્ર સી.આર.સી. કો.ઓર્ડિનેટરશ્રીને રજૂ કરવાનો રહેશે.

Scanned with CamScanner

શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે સૌ આગળ વધે

સમગ્ર શિક્ષા
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,અમદાવાદ.
ઉસ્માનપુરા શાળા નં. ૨, ઉસ્માનપુરા ચાર રસ્તા,
ઉસ્માનપુરા, અમદાવાદ.
ટોલ ફ્રી નંબર– ૧૮૦૦–૨૩૩–૧૦૪૨
email :- adpcamc@gmail.com

9) સર્વેમાં મળેલ ૬ થી ૧૮ વર્ષના તમામ શાળા બહારના(Out of School children) તેમજ વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા (CWSN) બાળકોની ઓનલાઇન એન્ટ્રી Child Tracking System (CTS)માં શાળા કક્ષાએથી મુખ્ય શિક્ષક/આચાર્યશ્રી દ્વારા જ કરવાનો રહેશે.

10) સીઆરસી કો.ઓર્ડિનેટરશ્રીએ કલસ્ટરની તમામ શાળાના મુખ્ય શિક્ષક/આચાર્યશ્રીએ આપેલ પ્રમાણપત્રના આધારે ચકાસણી કરી પરિશિષ્ટ-૪મુજબનું પ્રમાણપત્ર બીઆરસી/યુઆરસીકો.ઓર્ડિનેટરશ્રીને આપવાનું રહેશે.

11) યુઆરસીકો.ઓર્ડિનેટરશ્રીએ ઝોનનાં તમામ કલસ્ટરના સી.આર.સી.કો.ઓ.શ્રીના આપેલ પ્રમાણપત્રના આધારે ચકાસણી કરી પરિશિષ્ટ-૫ મુજબનું પ્રમાણપત્ર જિલ્લા શિક્ષણાધિકારીશ્રી અને શાસનાધિકારીશ્રીને આપવાનું રહેશે.

12) કલસ્ટરકક્ષાએ નિયુકત થયેલ સ્પે.એજયુકેટર/વિશિષ્ટ શિક્ષકે(IEDSS) પોતાને ફાળવેલ ચાર્જ સહિતના તમામ વિસ્તારોના શાળા બહારના વિશિષ્ટ જરૂરિયાત ધરાવતા(Children with Special Need)બાળકોના સર્વેમાં પ્રાપ્ત થયેલ માહિતી સી.આર.સી કો.ઓર્ડિનેટરશ્રીના સંકલનમાં રહી Divyan Applicationમાં પણ અપડેટ કરવાની રહેશે.

13) આ સર્વે પ્રકિયા માટે શાળા વ્યવસ્થાપન સમિતી.(SMC),શાળા સંચાલન અને વિકાસ કમીટી.(SMDC) સ્વૈચ્છીક સંસ્થાઓ જેવા સ્થાનિક સમુહો પાસેથી પણ વિના મુલ્યે સહયોગ મેળવવાનો રહેશે.

આ પ્રકારે ઉપરોક્ત મુદ્દાઓને ધ્યાને લઇને શાળા બહારના બાળકોના સર્વેનું સઘન સુપરવિઝન અને મોનીટરીંગ યુ.આર.સી કો.ઓ દ્વારા સુનિશ્ચિત કરવાનું રહેશે. આ બાબતે કોઈપણ પ્રકારની બેદરકારી ન રહે અને સમયમર્યાદામાં આયોજનપૂર્વક પૂર્ણ કરવા અંગત ધ્યાન આપવાનું રહેશે.

બિડાણ:પરિશિષ્ટ નં ૧, ૨,૩,૪ અને ૫

એડીશનલ ડિસ્ટ્રીકટ પ્રો.કો ઓર્ડીનેટર
અને
શાસનાધિકારી
ન.પ્રા.શિ.સમિતિ,અમદાવાદ કોર્પો.

જીલ્લા શિક્ષણાધિકારી
અમદાવાદ શહેર

નકલ સવિનય રવાના:- માન.સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરશ્રી, સમગ્ર શિક્ષા.ગુ.રા - ગાંધીનગર.
નકલ રવાના: કાર્યવાહી અર્થે :- શિક્ષણ નિરીક્ષકશ્રી તમામ, અમદાવાદ શહેર

Scanned with CamScanner